જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૦૩/૧૭**

**ટુ વ્હીલર ચોરી કરનારા ત્રણ રીઢા આરોપીઓને ચોરીના એક્ટીવા તથા મોટરસાઈકલ મળી કુલ-૯ ટુ વ્હીલર વાહનો સાથે પકડી લઈ કુલ-૯ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવાતથા શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી.બી.એચ.કોરોટ તથા શ્રી કે.ડી.જાડેજાનાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે કોતરપુર ટર્નિંગ પાસેથી બાતમી હકિક્ત આધારે આરોપી (૧) હીતેશ કુટરમલ જૈન ઉ.વ.૪૧ રહે. એ/૩૦૪,સત્યમ એપા. સ્પેટ્રમ ટાવરની પાસે શાહીબાગ અમદાવાદ (૨) વિનોદ ઉર્ફે ભુટ્ટો જશુભાઈ સોલંકી ઉવ.૨૪ રહે.મફતનગરના છાપરા પંજુની ચાલી દેવી સિનેમાની સામે નરોડા અમદાવાદ હાલ રખડતો ભટકતો કાયમી સરનામુ નથી (૩) નરેશ વધાજી ઠાકોર ઉ.વ.૨૮ રહે.નરોડા બેઠક મફતનગરના છાપરા દેવી સિનેમા સામે પેટ્રોલ પંપની બાજુમાં નરોડા અમદાવાદ નાને પકડી પાડી એક હોન્ડા એક્ટીવા નં. GJ-27-S-2721 કબજે કરેલ છે જે હોન્ડા એક્ટીવા આ કામના આરોપીએ શાહીબાગ સિવીલ કંપાઉન્ડમાંથી ચોરી કરેલાનુ જણાવેલ છે અને આ સિવાય આ આરોપીઓની સઘન પુછપરછ કરતા આ આરોપીઓએ આ એક્ટીવા સિવાય અન્ય બીજા ૭ એક્ટીવા તથા એક મો.સા. અલગ અલગ જ્ગ્યાએથી ચોરી કરી બીનવારસી મુકી દીધેલાની કબુલાત કરતા આ તમામ વાહનો કબજે કરવામાં આવેલ છે આ આરોપીઓ દારુનોનશો કરવાની આદત વાળા હોય જેથી દારુ પીધા બાદ આ વાહનની ચોરી કરેલ અને ત્યાર બાદ આ વાહનો વાલ્મિકી આવાસ નોબલનગર તથા ઉમા સ્કુલ ની પાછળ ગળનારા પાસે ખુલ્લી જગ્યામાં કુબેરનગર બિનવારસી મુકી દઈ ગ્રાહક શોધી વેચવાની ફીરાકમાં હતા અને જે એક્ટીવા તથા મો.સા.ની ચોરી સબંધે નીચે મુજબના અલગ અલગ પોલીસ સ્ટેશનો ખાતે વાહન ચોરીની ફરીયાદ રજીથયેલ છે.

(૧) શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે કુલ-૨ ગુન્હા દાખલ થયેલ છે.
(૨) સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.
(૩) વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.
(૪) મણિનગર પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.
(૫) નરોડા પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.
(૬) કલોલ પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.
(૭) મહેસાણા પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.
(૮) પાટણ પોલીસ સ્ટેશન ખાતે કુલ-૧ ગુન્હો દાખલ થયેલ છે.

આમ કુલ-૯ વાહન ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયેલ છે.

ગુનાહીત ઈતિહાસ

આરોપી નં.(૧) હરીશ જૈન નાઓ અમદાવાદ તથા બહારના જુદા જુદા પોલીસ સ્ટેશન ખાતે આશરે-૩૫ જેટલા વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ છે અને એક વખત પાસા પણ ભોગવેલ છે તથા નં.(૨) વિનોદ નાનો સરદારનગર તથા નરોડા ખાતે વાહનચોરીના ગુન્હામાં અગાઉ પકડાયેલ છે નં(૩) નરેશ ઠાકોર નાનો અગાઉ નરોડા અને સરદારનગર ખાતે વાહનચોરીના ગુન્હામાં પકડાયેલ છે સદરી તમામ આરોપીઓની વધુ તપાસ પોસ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓ ચલાવી રહેલ છે.



**કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-**

આજરોજ અમોને ઉપરી અધીકારીશ્રીઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી રાહે ચાલતી પ્રોહીબીશન/જુગારની અસામાજીક પ્રવુતી નેસ્ત નાબુદ કરવા સુચના મળેલ હોય જે સુચનાં આધારે અમો તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમી હકિકત આધારે આજરોજ તા-૦૮/૦૭/૨૦૧૭ નાં કલાક: ૧૫/૩૦ વાગે સૈજપુર ટાવર ખોડીયાર પાન પાર્લર પાસે આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં આરોપી રમણભાઇ અમરજી ઠાકોર ઉ.વ.૪૭ રહેવાસી- પરબડીવાસ સૈજપુર ગામ કૃષ્ણનગર અમદાવાદ શહેર+૨=૩ નાઓ બોમ્બે વરલી મટકા આંક ફરકનો જુગાર રમી રમાડી મળી આવતા અંગજડતીનાં નાણા રૂ. ૧૯૦૦૦/- તથા આંકડા લખેલ પાના નંગ-૦૫ કિ.રૂ.૦૦/- તથા બોલપેન નંગ-૨ કિં.રૂ. ૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૩ કિ.રૂ. ૨૫૦૦/- તથા ટી.વી.એસ. જ્યુપીટર જેનો RTO GJ-01-JV-9006 કિ.રૂ ૩૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૫૬૫૦૦/- ના મુદામાલ સાથે જુગાર રમી રમાડી મળી આવેલ હોય સદરી બાબતે કાયદેસર ની કાર્યવાહી કરી આગળ ની તપાસ હાથ ધરવામાં આવેલ છે.તા-૦૮/૦૭/૨૦૧૭

**સુરક્ષા સેતુ રથ:**

અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.